# ધોરણ - 6 ગણિત

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
| --- | --- |
| M601 યોગ્ય પ્રક્રિયાના (ભા.ગુ.સ.બા.) ઉપયોગ દ્વારા મોટી સંખ્યાના દાખલા ઉકેલે છે. | • વ્યાવહારિક પરિસ્થિતિઓમાં આઠ અંક સુધીની સંખ્યાઓનો યોગ્ય પ્રક્રિયામાં ઉપયોગ કરે. |
| M602 પેટર્ન દ્વારા એકી, બેકી, વિભાજ્ય, અવિભાજ્ય અને સહ અવિભાજ્ય સંખ્યાઓને ઓળખે છે. તથા વિવિધ રીતે વર્ગીકૃત કરે છે.<br>M602.1 આપેલ સંખ્યા અવિભાજ્ય છે. કે વિભાજ્ય તે કહે છે.<br>M602.2 2,3,4,5,6,8,9,10 અને 11 ની વિભાજ્યતાની ચાવીનો ઉપયોગ કરી આપેલ સંખ્યાની વિભાજ્યતા ચકાસે છે.<br>M602.3 વિભાજ્યતાના નિયમોનો ઉપયોગ કરે છે.<br>M602.4 આપેલ સંખ્યાઓના સામાન્ય અવયવ અને સામાન્ય અવયવી શોધે છે.<br>M602.5 આપેલ સંખ્યાના અવિભાજ્ય અવયવ શોધે છે. | • અંકોને તેના ગુણધર્મો આધારિત વર્ગીકૃત કરો. જેમકે, એકી, બેકી સંખ્યા, વગેરે.<br>• 2, 3, 4, 5, 6, 8, 10 અને 11 વડે ભાગી શકાય એવા નમૂનાનુ અવલોકન કરો. |
| M603 ચોક્કસ સ્થિતિમાં ગુ.સા.અ અને લ.સા.અ નો ઉપયોગ કરે છે.<br>M603.1 ગુ.સા.અ. શોધે છે. તેમજ તેને લગતા વ્યાવહારિક દાખલા ગણે છે.<br>M603.2 લ.સા.અ. શોધે છે. તેમજ તેને લગતા વ્યાવહારિક દાખલા ગણે છે. | |
| M604 પૂર્ણાંક સંખ્યાઓને લગતા સરવાળા બાદબાકીના દાખલા ગણે છે.<br>M604.1 પૂર્ણાંક સંખ્યાઓ વિશે જણાવે છે.<br>M604.2 સંખ્યારેખાની મદદથી પૂર્ણાંક સંખ્યાઓના સરવાળા કરે છે.<br>M604.3 સંખ્યારેખાની મદદથી પૂર્ણાંક સંખ્યાઓની બાદબાકી કરે છે. | • વ્યવહારમાં ઋણ પૂર્ણાંકો અને તેના સરવાળા બાદબાકીનો ઉપયોગ થતો હોય તેવી પરિસ્થતિ ઓળખે અને તેની ચર્ચા કરે. |
| M605 નાણા, લંબાઈ, તાપમાન સંદર્ભે જુદી જુદી પરિસ્થિતિમાં અપૂર્ણાંક તથા દશાંશ અપૂર્ણાંકનો ઉપયોગ કરે છે. જેમકે $7\frac{1}{2}$ મીટર કપડું, બે સ્થળ વચ્ચેનું અંતર 112.5 કિ.મી<br>M605.1 અપૂર્ણાંક સંખ્યાઓની સમજ દર્શાવે છે.<br>M605.2 સંખ્યારેખા પર અપૂર્ણાંક સંખ્યાને દર્શાવે છે. | • જે પરિસ્થિતિમાં અપૂર્ણાંક અને દશાંશ અપૂર્ણાંકવાળી સંખ્યાને દર્શાવવાની જરૂર હોય તેને બનાવે અને ચિત્રાત્મક રીતે રજૂ કરે. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M605.3 શુધ્ધ, અશુધ્ધ અને મિશ્ર અપૂર્ણાંક વિશે જણાવે છે.<br>M605.4 આપેલા અપૂર્ણાંકના સમઅપૂર્ણાંક આપે છે.<br>M605.5 આપેલા અપૂર્ણાંકોને અતિસંક્ષિપ્ત સ્વરૂપમાં ફેરવે છે.<br>M605.6 સમચ્છેદી અને વિષમચ્છેદી અપૂર્ણાંક વિશે જણાવે છે.<br>M605.7 જુદા જુદા અપૂર્ણાંકોની તુલના કરે છે.<br>M605.8 સમચ્છેદી અને વિષમચ્છેદી અપૂર્ણાંકોની સરખામણી કરે છે.<br>M605.9 અપૂર્ણાંકોના સરવાળા બાદબાકી કરે છે.<br>M605.10 દશાંશ અને શતાંશની સમજ દર્શાવે છે.<br>M605.11 દશાંશ સંખ્યાનું સંખ્યારેખા પરનિરૂપણ કરે છે.<br>M605.12 દશાંશ અપૂર્ણાંકનું સાદાઅપૂર્ણાંકમાં અને સાદા અપૂર્ણાંકનુ દશાંશ અપૂર્ણાંકમાં રૂપાંતર કરે છે.<br>M605.13 દશાંશ અપૂર્ણાંકોની સરખામણી કરે છે. | |
| M606 રોજિદા જીવનમાં અપૂર્ણાંક /દશાંશ અપૂર્ણાંક વાળી સંખ્યાઓના સરવાળા અને બાદબાકીના આધારે વ્યાવહારિક કોયડા ઉકેલે છે.<br>M606.1 રોજિંદા જીવનમાં અપૂર્ણાંક વાળી સંખ્યાઓના સરવાળા અને બાદબાકીના આધારે વ્યાવહારિક કોયડા ઉકેલે છે.<br>M606.2 રોજિંદી પરિસ્થિતિમાં દશાંશ અપૂર્ણાંકવાળી સંખ્યાના સરવાળા-બાદબાકી કરી સમસ્યા ઉકેલે છે.<br>M606.3 રોજિંદી પરિસ્થિતિમાં દશાંશ અપૂર્ણાંકવાળી સંખ્યાના સરવાળા-બાદબાકી આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M607 ચલનો ઉપયોગ કરીને આપેલ પરિસ્થિતિનું સામાન્યીકરણ કરે છે.. દા.ત. જે લંબચોરસની બાજુઓ X અને 3 એકમ હોય તેની પરિમિતિ 2(X+3) એકમ થાય<br>M607.1 ચલની અભિવ્યક્તિની સમજ દર્શાવે છે.<br>M607.2 ચલની અભિવ્યક્તિનો વ્યવહારિક ઉપયોગ કરે છે.<br>M607.3 ચલની અભિવ્યક્તિથી સમીકરણ રચે છે.<br>M607.4 ચલની અભિવ્યક્તિથી રચેલ સમીકરણને ઉકેલે છે. | • ચલની (અંગ્રેજી મૂળાક્ષર) જરૂરિયાતને શોધી અને સામાન્યીકરણ કરો. |
| M608 વિવિધ પરિસ્થિતિમાં ગુણોત્તરનો ઉપયોગ કરીને જથ્થાની તુલના કરે છે. જેમકે કોઈ વર્ગમાં છોકરા અને છોકરીનો ગુણોત્તર 3:2 છે.<br>M608.1 ગુણાકાર, ભાગાકારની મદદથી ગુણોત્તર દર્શાવે છે.<br>M608.2 સરખા ગુણોત્તર શોધે છે.<br>M608.3 પ્રમાણની સમજ દર્શાવે છે.<br>M608.4 ગુણોત્તરમાં અંત્યપદ અને મધ્યપદ જણાવે છે. | • એવી પરિસ્થિતિને વર્ણવો જેમાં ગુણોત્તરની મદદથી જથ્થાની તુલના કરવાની હોય.<br>• ગાણિતિક કોયડાઓની ચર્ચા કરો અને ઉકેલ ગુણોત્તર અને ઐકીકક્રિયા પધ્ધતિથી મેળવો. |
| M609 વિવિધ સમસ્યાનાઉકેલ માટે એકાત્મક પધ્ધતિનો ઉપયોગ કરે છે. એકાત્મક પધ્ધતિ દ્વારા 1 ડઝન નોટબુકની કિંમત પરથી 7 નોટબુકની કિંમત શોધે છે. | • નક્કર પ્રતિકૃતિ અને ચિત્રો વડે જુદાજુદા ભૌમિતિક આકારો જેવાકે, ત્રિકોણ અને ચતુષ્કોણ, વગેરે ને શોધે.<br>• વિવિધ ભૌમિતિક આકૃતિઓ ઓળખે અને વર્ગખંડની બહાર અને અંદરના વાતાવરણમાં તેના ગુણધર્મોનું જૂથમા કે વ્યક્તિગત અવલોકન કરે.<br>• લાકડીઓ, કાગળના ટુકડા, વગેરે પ્રાપ્ય સામગ્રીની મદદથી ભિન્ન આકારો બનાવે. |
| M610 આસપાસના ઉદાહરણો પરથી રેખા, રેખાખંડ, ખુલ્લી અને બંધ આકૃતિ, ખૂણા, ત્રિકોણ, ચતુષ્કોણ, વર્તુળ વગેરે જેવા ભૌમિતિક આકારોનું વર્ણન કરે છે.<br>M610.1 આસપાસના ઉદાહરણો પરથી બિંદુ, રેખાખંડ, રેખા, કિરણની સમજ દર્શાવે છે.<br>M610.2 માપપટ્ટી અને દ્વિભાજક દ્વારા બે રેખાખંડની સરખામણી કરે છે.<br>M610.3 છે.દતી રેખાઓ અને સમાંતર રેખાઓની સમજ દર્શાવે છે. | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| | M610.4 જુદા જુદા પરિપ્રેક્ષ્યમાં લંબરેખાને ઓળખે છે.<br>M610.5 વક્રનું ખુલ્લા અને બંધ વક્રમાં વર્ગીકરણ કરે છે.<br>M610.6 બહુકોણના અંગો ઓળખે છે.<br>M610.7 ત્રિકોણની સામાન્ય સમજ દર્શાવે છે.<br>M610.8 ચતુષ્કોણની સામાન્ય સમજ દર્શાવે છે.<br>M610.9 વર્તુળ અને વર્તુળના ભાગોની સામાન્ય સમજ દર્શાવે છે. | |
| M611 | ખૂણાની સામાન્ય સમજ દર્શાવે છે.( આસપાસ રહેલ ખૂણાને ઓળખે છે., ખૂણાના માપના આધારે વર્ગીકરણ કરે છે., 45 અંશ, 90 અંશ અને 180 અંશના ખૂણાના સંદર્ભે ખૂણાના માપનો અંદાજ કાઢે છે.<br>M611.1 આપેલ ખૂણાને લઘુકોણ, ગુરુકોણ, કાટકોણ, સરળકોણ કે પ્રતિબિંબકોણ તરીકે દર્શાવે છે.<br>M611.2 કોણમાપક વડે ખૂણાનું માપન કરે છે. | • ખૂણાની સંકલ્પના થોડા ઉદાહરણ લઇને સમજાવે. જેમકે,બારણાંનુ ખુલવું, કંપાસપેટીનુ ખુલવું, વગેરે. વિદ્યાર્થીઓને આવા કેટલાક તેમની આસપાસના ઉદાહરણ પૂછી શકાય.<br>• ખૂણાઓને તેમને ફરેલા ચક્રની મદદથી વર્ગીકૃત કરી શકે. |
| M612 | એક કે એકથી વધુ રેખાઓની સંમિતિ ધરાવતા દ્વિ-પરિમાણિય આકારોને ઓળખીને અથવા સંમિતિ ધરાવતા દ્વિ-પરિમાણિય આકારોની રચના કરીને રેખીય સંમિતિની સમજ દર્શાવે છે.<br>M612.1 સંમિતિ ધરાવતા આકારો બનાવે છે.<br>M612.2 આપેલ આકૃતિ એક કે વધુ રેખાથી સંમિત હોય તે કહે છે.<br>M612.3 સંમિત રેખાની સમજ દર્શાવે છે. તથા બે થી વધુ સંમિત રેખાઓ ધરાવતી આકૃતિઓને ઓળખે છે.<br>M612.4 રોજીંદા જીવનમાં સંમિતતાનો ઉપયોગ કરે છે. | • આકારોની પ્રતિબિંબિત સમાનતાનું અવલોકન અરીસાની મદદથી કે કાગળના ટુકડાને ચોક્કસ ધરીએ વાળીને કરે.<br>• જ્યારે આકાર આપ્યા હોય ત્યારે તેમા સંમિત અક્ષ દોરી બતાવે. જૂથ પ્રવૃતિ આપી શકાય, જેમાં એક જૂથ અડધી સંમિત આકૃતિ બનાવે અને બીજુ જૂથ એને પૂર્ણ કરે. |
| M613 | ત્રિકોણને તેના ખુણા/બાજુઓના આધારે વિવિધ જૂથ/પ્રકારોમાં વર્ગીકૃત કરે છે. જેમ કે બાજુઓના આધારે સમબાજુ, સમદ્વિબાજુ તથા વિષમબાજુ ત્રિકોણમાં વર્ગીકૃત કરવું. | • આપેલ ત્રિકોણના સમૂહને તેના ખૂણા અને બાજુ પરથી શોધી શકે (જૂથ પ્રવૃતિ). તેમના વર્ગીકરણના આધાર ની ચર્ચા કરો. |

DRAFT

| | અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| | M613.1 બાજુઓના માપના આધારે ત્રિકોણના પ્રકાર જણાવે છે.<br>M613.2 ખૂણાના માપના આધારે ત્રિકોણના પ્રકાર જણાવે છે. | |
| M614 | ચતુષ્કોણને તેના ખુણા/બાજુઓના આધારે વિવિધ જૂથ/પ્રકારોમાં વહેંચે છે. | • આપેલ ચતુષ્કોણના સમૂહને જુદાજુદા જૂથમાં તેના આકાર/માપ, વગેરે પરથી તેને વર્ગીકૃત કરવાના કારણને સમજાવવા માટે વહેચો. |
| M615 | આસપાસના પરિસરમાંથી ત્રિપરિમાણીય આકારો ઓળખે છે. જેમ કે ગોળકાર, ઘન, લંબઘન, નળાકાર, શંકુ વગેરે ઓળખે છે.. | • 2-પરિમાણ અને 3- પરિમાણ વાળા પદાર્થને પેન્સિલના ડબ્બાના ઉપરના ભાગ તથા આખા પેન્સિલના ડબ્બા વડે જુદા પાડો, આવા આસપાસથી વધુ ઉદાહરણ મેળવો. |
| M616 | ત્રિપરિમાણીય આકારોના ફલક, ધાર અને શિરોબિંદુ ઓળખે છે. | • 3-પરિમાણવાળા પદાર્થના જુદાજુદા પાસાઓની ચર્ચા કરો. જેમકે બાજુ, બિંદુ અને સમતલ. |
| M617 | આસપાસ રહેલ વસ્તુઓ (જેવીકે વર્ગખંડનું ભોયતળીયુ, ચોક બોક્સની બાજુઓ)ની પરિમિતિ અને ક્ષેત્રફળ શોધે છે.<br>M617.1 ચોરસ-લંબચોરસની પરિમિતિ શોધે છે.<br>M617.2 નિયમિત આકારોની પરિમિતિ શોધે છે.<br>M617.3 પરિમિતિ આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.<br>M617.4 લંબચોરસનું ક્ષેત્રફળ શોધે છે.<br>M617.5 ચોરસનું ક્ષેત્રફળ શોધે છે.<br>M617.6 આલેખપત્રની મદદથી અનિયમિત આકારોના ક્ષેત્રફળ શોધે છે.<br>M617.7 ક્ષેત્રફળ આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે. | • પરિમિતિની સંકલ્પના ની પ્રસ્તાવના વર્ગખંડના વિવિધ લંબચોરસ આકારોની મદદથી કરો, જેમકે, કાળુંપાટિયું, ટેબલનો ઉપરનો ભાગ, ચોપડીઓ, વગેરેની સીમાઓના વિચારની મદદથી. |
| M618 | વિવિધ પરિસ્થિતિમાં રોજિંદા જીવનવ્યવહારની જરૂરી માહિતી એકત્ર કરે છે.( જેમકે કુટુંબ દ્વારા છે.લ્લા 6 માસ દરમિયાન વિવિધ વસ્તુઓ પાછળ થયેલ ખર્ચની વિગત), એકત્ર કરેલી માહિતીને કોષ્ઠક સ્વરૂપે રજૂ કરે છે. અને માહિતી પરથી ચિત્રઆલેખ-લંબાલેખ દોરે છે. તેમજ આલેખનું અર્થઘટન કરે છે.<br>M618.1 રોજિંદા જીવનમાંથી માહિતીને એકત્રિત કરી તેને કોષ્ટકમાં દર્શાવે છે.<br>M618.2 માહિતીને અનુરૂપ ચિત્ર આલેખનું અર્થઘટન કરે છે. | • ચિત્રાલેખ દોરો, તેનું અર્થઘટન કરો અને તે પરથી લંબાલેખની સમજ મેળવો. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| M618.3 માહિતીને અનુરૂપ ચિત્ર આલેખને દોરે છે.<br>M618.4 માહિતીને અનુરૂપ લંબ આલેખનું અર્થઘટન કરે છે.<br>M618.5 માહિતીને અનુરૂપ લંબ આલેખને દોરે છે. | |
| M619 8 અંક સુધીની સંખ્યાઓ સાથે કામ કરે છે.<br>M619.1 આપેલા અંકો પરથી સંખ્યા બનાવે છે.<br>M619.2 અંકોની અદલા બદલી કરીને નવી સંખ્યા બનાવે છે.<br>M619.3 આપેલ સંખ્યાના અંકોની સ્થાનકિંમત જણાવે છે. અને સ્થાનકિંમતના આધારે આપેલ સંખ્યાનું વિસ્તરણ કરે છે.<br>M619.4 1,00,000 સુધીની સંખ્યાઓ સમજે છે. તેમજ અંકોમાં અને શબ્દોમાં લખે છે.<br>M619.5 કરોડ સુધીની સંખ્યાઓ સમજે છે. તેમજ વાચન અને લેખન કરે છે.<br>M619.6 અલ્પવિરામનો ઉપયોગ કરીને ભારતીય/ આંતરરાષ્ટ્રીય પદ્ધતિમાં સંખ્યા લેખન કરે છે.<br>M619.7 આસન્ન મુલ્ય દ્વારા નજીકના દશનો/ સોનો/ હજારનો અંદાજ કાઢે છે.<br>M619.8 સંખ્યાઓની પ્રક્રિયા (ભા.ગુ.સ.બા.) ના પરિણામનો અંદાજ કાઢે છે.<br>M619.9 ગણતરી સરળ કરવા માટે કૌંસના વિસ્તરણનો ઉપયોગ કરે છે.<br>M619.10 રોમન અંકપદ્ધતિમાં સંખ્યાઓ વાંચે/લખે છે. | • 8 સુધીના અંકોવાળી પરિસ્થિતિના સંપર્કમાં આવે. દા.ત. મિલકતની કિંમત, વિવિધ નગરની કુલ વસ્તી, વગેરે.<br>• પરિસ્થિતિ આધારિત સંખ્યાઓની તુલના કરે, જેમકે, બે ઘરની કિંમત, પ્રેક્ષકોની સંખ્યા, નાણાં વિનિમય, વગેરે. |
| M620 પૂર્ણ સંખ્યા સાથે કામ કરે છે.<br>M620.1 આપેલ પૂર્ણસંખ્યાની પહેલાની સંખ્યા અને પછીની સંખ્યા લખે છે.<br>M620.2 સંખ્યા રેખા પર સંખ્યાનું નિરૂપણ તેમજ સંખ્યાઓના સરવાળા, બાદબાકી અને ગુણાકાર કરે છે.<br>M620.3 પૂર્ણ સંખ્યા વિશેના સરવાળા અનેગુણાકારના ગુણધર્મો જણાવે છે. તેમજ ગુણધર્મનો ઉપયોગ કરી ગણતરી કરે છે. | • રોજિંદા જીવનની પરિસ્થિતિમાં ઋણ સંખ્યાઓનો ઉપયોગ કરવાનું ઉભું કરે અને તેની ચર્ચા કરે. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
| --- | --- |
| M620.4 રેખીય, લંબચોરસ, ચોરસ અને ત્રિકોણીય સ્વરૂપે ગોઠવાતી પૂર્ણ સંખ્યાઓને ઓળખે છે. અને પૂર્ણસંખ્યાઓને જે-તે સ્વરૂપમાં ગોઠવે છે. | |
| M621 માપપટ્ટી, પરિકરના ઉપયોગથી વિવિધ ભૌમિતિક આકૃતિની રચના કરે છે.<br>M621.1 આપેલી ત્રિજ્યાવાળા વર્તુળની રચના કરે છે.<br>M621.2 આપેલી લંબાઈના રેખાખંડની રચના કરે છે.<br>M621.3 રેખા પરના બિંદુમાંથી તે રેખાને લંબરેખા રચે છે.<br>M621.4 રેખા પર ના હોય તેવા બિંદુમાંથી તે રેખાને લંબરેખા રચે છે.<br>M621.5 રેખાખંડનો લંબદ્વિભાજક રચે છે.<br>M621.6 આપેલા માપનો ખૂણો રચે છે.<br>M621.7 માપ જાણતાં ન હોય તેવા ખૂણાની નકલની રચના કરે છે.<br>M621.8 ખૂણાનો દ્વિભાજક રચે છે.<br>M621.9 વિશિષ્ટ માપવાળા ખુણાઓ રચે છે. | • 600ના ખૂણાની ચર્ચા કરો અને કંપાસની મદદથી દોરો, 300, 1200, વગેરે ખૂણાની રચનાની ચર્ચા બાળકો સાથે કરી શકાય.<br>• વિવિધ પ્રતિકૃતિઓ અને ત્રિપરિમાણિય આકારોના જાળ જેવા કે, લંબઘન, નળાકાર, વગેરે અને ૩-પરિમાણના આકારોની ચર્ચા કરે. જેમકે, બિંદુઓ, સમતલ અને રેખાઓ. |
| M622 બાજુઓની સંખ્યાના આધારે બહુકોણને વર્ગીકૃત કરે છે. | |

DRAFT